R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925... (Gujarati & English Bilingual) FORTNIGHTLY સળંગ વર્ષ ૯૯મું

VOLUME : 03 • ISSUE : 24 • PAGES : 20 • MUMBAI • DATE : 20TH OCTOBER 2023

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

# MICROFINISH

Pumps • Valves • Automation




## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી સ્થાનેથી

# સ્ત્રી શક્તિ પર્વ એટલે નવરાત્રી ઉત્સવ



કાર્ય. તંત્રી : એડ. ઉદયન શાહ : ૯૮૨૧૦ ૦૪૨૬૯ (સાંજે ૫ થી ૯)

પર્યુષણ પર્વમાં તપસ્યા કરી એકબીજાને ખમાવી, મિચ્છામી દુક્કડમ આપીએ ત્યાંથી નવરાત્રી પર્વનું આગમન થાય. નવરાત્રી ઉત્સવ એટલે નવશક્તિ, સ્ત્રીશક્તિ અને માતાજીની આરાધનાનું પર્વ. કદઓ જ્ઞાતિની કુળદેવી સરઆઇઆ માતા અને અધિષ્ઠાત્રી દેવી એટલે મહાકાલી માતા.

આપણે એમ કહીએ છીએ કે સ્ત્રીઓને મુંગે મોઢે સહન કરવું પડે છે. નોકરી કરવી, બાળકો ઉછેરવા, ઘરનું ધ્યાન રાખવું અને સામાજીક વ્યવહાર પણ સાચવવા, આમાં ક્યાંયે કચાશ ચલાવી લેવામાં નથી આવતી. આ વાતને જો આપણે એમ કહીએ કે સ્ત્રીઓ અબળા છે કે એમને સહન કરવું પડે છે, તો આપણે ભુલ કરીએ છીએ. સ્ત્રી માતા, બહેન, પત્ની, સખી એમ વિવિધ પ્રકારના પાત્રો રોજ ભજવે છે અને એમાં પાર ઉતરે છે. આ ખરેખરી સ્ત્રી શક્તિ છે એને જરાપણ નજર અંદાજ ન કરી શકાય. લક્ષ્મણની પત્ની ઉર્મિલા કે ગાંધીબાપુના પત્ની કસ્તુરબાએ એમના પતિના કાર્ય માટે મુંગે મોઢે બલિદાન આપ્યું એમ કહીએ તો એકદમ અયોગ્ય છે. ઉર્મિલા અને કસ્તુરબા એ સ્ત્રી શક્તિ શું છે? એનો પરચો આપ્યો એમ જ કહેવું પડે.

કદઓ માતાઓ અને બહેનોએ મુંબઇથી માંડીને કચ્છના નાના-નાના ગામોમાં પોતાની કાર્યશક્તિનો પરચો દેખાડ્યો છે. પણ પ્ર.સ. એક લાલબત્તી પણ દેખાડે છે. બહેનો એક વાત ખાસ યાદ રાખજો ‘સ્ત્રી પુરૂષની સમોવડી છે’ નહીં કે પુરુષ જેવી. બન્ને વાતોમાં બહુજ અંતર છે.

કદઓ બહેનોને ખાસ વિનંતી કે આપણી જ્ઞાતિની ધરોહર બનજો. આપણી જ્ઞાતિના અને દેશના સંસ્કારો આવનારી પેઢીમાં સીંચવવાનું ભારે ભરખમ કાર્ય તમારે સરળ અને સુપેરે પાર પાડવાનું છે. આને માટે તમારે ટી.વી. અને મોબાઇલનો ભોગ આપવો પડે તો આપજો પણ આપણી રસોઇ, ભરતગુંથણ કળા, આપણી નરમાઇથી પણ સ્વમાનથી વાત કરવાની કળા, વગેરે ભાવિ પેઢીને જરૂર આપજો.

કદઓ જ્ઞાતિ પ્રગતિશીલ જ્ઞાતિ છે અને બાળવિવાહ જેવી બાબતોને બહુજ જલ્દી તિલાંજલી આપી દીધી હતી. જ્ઞાતિના પુરૂષો, યુવાનોએ પણ નારીશક્તિનું માન અને સન્માન જળવાય એ જોવું રહ્યું. નારીનું માન જળવાશે તો જ તમારી પ્રગતિ થશે. અને બહેનો તમે ભોગ આપ્યો કે તમે બલિના બકરા બન્યા છો એટલે કે વિક્ટીમ છો એ વાત મનમાંથી કાઢી નાખજો. તમારી શક્તિને ઓળખો અને એને ગતિ આપજો તોજ તમે ‘ગતિશક્તિ’ બની શકશો. દંભ, આડંબર અને મોટાઇમાં રાચવામાં મજા નથી. આ વખત સંસ્કૃતિને સાચવવાનો છે. ક્યાંક કોઇ ગામના મહાજનના પ્રમુખ તરીકે કદઓ સ્ત્રી બિરાજે છે. મુંબઇ મહાજનની ચુંટણીમાં શ્રીમતી ચાંદની પરેશ લાલકાને બધાથી વધારે મતો આપી જ્ઞાતિજનોએ સ્ત્રી શક્તિમાં વિશ્વાસ દર્શાવ્યો છે. પણ આ એક આડ વાત છે.

### જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

### નમ્ર નિવેદન

જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ-મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો.

– તંત્રી મંડળ

## આદ્યતંત્રીઓ

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

ડૉ. હીરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**

કેશરસિંહ આણંદજી ખોના      ઉદયન લાલજી લોડાયા


**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ

માનદ્મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના
પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા
શૈલેશ સનત્ શાહ
ઉદયન લાલજી લોડાયા
કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા


કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી


**વૉલ્યુમ : ૦૩, અંક : ૨૪, તા. ૨૦-૧૦-૨૦૨૩**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**


❖ મહાવીર એમ્બ્રો.-માટુંગા ❖ મહાવીર એમ્બ્રો.-માટુંગા ❖ મહાવીર એમ્બ્રો.-માટુંગા ❖

**૩૦% શ્રી મહાવીર એમ્બ્રો-માટુંગા ૩૦%**

**દસેરા દિવાળી સેલ**

- હેન્ડવર્ક ભારે પારસી ગારા - દુપટ્ટા ૩૦%
- મશીન વર્કની પારસી ગારા -દુપટ્ટા ૨૦%
- પ્લેઈન સાડી મટીરીયલ ૨૦%
- બટકસબ ઓર્ડરથી ૨૦%
- પારસી ભરતના તૈયાર ચણીયા ચોલી ૨૦%

સેમ્પલની ફ્રેશ સાડીઓ
૪૦% થી ૫૦%

સાચી જુની જરી સારા
ભાવે વેંચાતી લઈશું

મશીન પારસી ભરતની
સેમ્પલ સાડીઓ ૪૦%
લીમીટેડ સ્ટોક

**દિવાળી સુધી દરરોજ સેલ ચાલુ**

**રાજ નિકેતન બિલ્ડીંગ, HDFC ની બાજુમાં,**
**ફુલ ગલીની સામે, માટુંગા સે.રે.**
**૪૦% ૮૬૫૨૨ ૩૯૫૩૭/૯૮૩૩૯૧૬૫૧૦ ૫૦%**

❖ મહાવીર એમ્બ્રો.-માટુંગા ❖ મહાવીર એમ્બ્રો.-માટુંગા ❖ મહાવીર એમ્બ્રો.-માટુંગા ❖


## અનુમોદના

*Tapasvi Amar Raho*



Heartiest congratulations to **Chi. Tarleen Pankaj Dand** (Tarleen Shaibal Ghosh) for completing choviyar athayi tap. God bless you with lots of prosperity and good health

**Mummy : Heena Shibal Ghosh,**
**Mummy : Shobha Pankaj Dand**
**Choti Mummy : Vanita Virchand Dand**
**Brother : Harshit Pankaj Dand**
**Brother : Harsh Pankaj Dand**
**Khoob Khoob Anumodna. Satama rehjho.**

**Current Residence :- Boston USA**
**Residence :- Ghatkopar, Native Place : Bayath Kutch Gujarat**
**Contact No. : 9757015487 (Vanita Dand)**

**Regards**
**Dand and Ghosh Family**



# કચ્છ દર્શન





(ભાગ : ૦૭)

લેખક : સોમ ધરમશીં
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

અમારી બસનાં ચાલક શ્રી અરજણભાઈ રબારી હતા. રસ્તામાં જ ભદ્રેશ્વરજી તીર્થ જતાં તેમનું ગામ આવતું માથક. અહીં રબારી કુટુંબોની સારી વસ્તી છે. અરજણને છેલ્લા ૧૦ વર્ષથી ઓળખું છું. એમનું કુટુંબ વિશાળ છે, એટલું જ એમના ઘરનું આંગણું પણ. મથલમાં એના ડોશીમાં નાં આશીર્વાદ લીધા સિવાય, અરજણ આગળ બસને જવા જ ન દે એની મને પુરી ખાતરી.

અરજણે જેવી બસ શરુ કરી રમેશભાઈએ શ્રી પાર્શ્વનાથ દાદાની જય બોલાવી, કારણ કે શ્રી ભદ્રેશ્વર તીર્થનાં જુના મંદિરમાં મુળનાયક શ્રી પાર્થનાથજી હતા.

મુખમાં મુખવાસનો ફાકો ભરી ધનપતી ભાઈ ઉવાચ ''ફાફડા સારા વા, પણ જલેબી મેં ધમ ન હો. બાકી પપૈયેજો સંભારો ને તરેલા મરચા લાટ વા.'' બાકીનાં કેટલાક યાત્રીકો એ પણ પોતાનો સૂર પૂરાવ્યો. તિલકભાઈએ કહ્યું કે ''જલેબી ત લાટ વઈ, કરકરી વઈ, ફાફડા નરમ થી વ્યા વા.'' ધનપતિ અને તિલકભાઈનું જલેબી-ફાફડા પર ત્રીજું વિશ્વ યુદ્ધ ફાટી નીકળે તે પહેલાં રમેશભાઈએ ''સમરો મંત્ર ભલો નવકાર''ની ધુન શરુ કરી.

ડિસેમ્બર મહિનાની ખુશનુમા સવાર હતી. તડકો ચડ્યો હતો પણ વાતાવરણમાં થંડક હતી. રસ્તા પરની વનરાજીનું દર્શન કરતાં કરતાં બસ આગળ વધી રહી હતી, અને લ્યો આ આવ્યું ગામ માથક. અરજણે બસને પોતાના વિશાળ આંગણા પાસે ઉભી રાખી. અમને બધાને ''ઢુક ઢુક ચા-પાણી''નો આગ્રહ કર્યો. મેં એમની વિનંતીને માન આપવા યાત્રિકોને કહ્યું અને એમની વિશાળ ડેલીના-દરવાજામાંથી આંગણામાં બિછાવેલ ખાટલા પર બધા વિરાજમાન થયા.

હું એમની ૮૦ વર્ષનાં ડોશીમાં પાસે જઈ બેઠો. તેમણે અમારા બધાનાં ઓવારણા લીધા અને વહુઓને ઈશારો કર્યો ચા-પાણી માટે. અમારા માટે ચા-પાણી તૈયાર થાય ત્યાં સુધીમાં તો અરજણે પોતાની ઘરવાળી સાથે આંખો આંખોમાં ઈશારા કરી લીધા. ચા-પાણીને ન્યાય આપી અમે બધા બસમાં બેઠા અને થોડી જ વારમાં ભદ્રેશ્વર તીર્થના આંગણે બસ આવીને ઉભી રહી.



**શ્રી ભદ્રેશ્વર તીર્થનું આધુનિક સગવળતાઓથી સજ્જ યાત્રિક નિવાસ**

૧૯મી સદીનાં આચાર્ય બંતવિજયાશ્રી અનુસાર તામપત્રો ઉપર ૫૧૬ વર્ષ ઈ.સ. પહેલા રાજા સિદ્ધસેનનાં હસ્તે આ મંદિરનું નિર્માણ શરુ થયેલ. શ્રી પાર્શ્વનાથની મૂર્તિની અંજનશલાકા શ્રી કપિલ કેવલી મુનીશ્રી દ્વારા પાંચમી સદીમાં થઈ હતી. આ મંદિરનો વખતો વખત જીર્ણોદ્ધાર અને નૂતનીકરણ જુદા-જુદા સમયે જુદા-જુદા રાજાઓ જેમકે રાજા સમપ્રતી, મૌર્ય વંશના વનરાજ ચાવડા, સારંગદેવા વીરસેના અને હરીસેના દ્વારા કરવામાં આવેલ.

આ મંદિરનું વિશાળ નિર્માણ શેઠ જગડુશા દ્વારા થયું હતું જેનો પાયો દેવચંદ્રજીએ નાંખેલ, ત્યાર પછી ઘણી વખત આ મંદિરમાં ફેરફારો, સુધારા-વધારા થતા રહેલ. નવ થી દશ વખત નવનિર્માણ પામેલ આ મંદિરમાં બાવન દેવકુલિકાઓને સમાવવામાં આવેલ.

ધરતીકંપના કારણે કચ્છના મિસ્ત્રીઓ જણાવે છે કે, ૧૮૧૯, ૧૮૪૪-૪૫, ૧૮૭૫ અને બીજા ચાર કે પાંચ ધરતીકંપોમાં આ મંદિરને નુકશાન થયેલ.

ઈ.સ. ૨૦૦૧ના ધરતીકંપ પછી અચલગચ્છાધિપતી શ્રી ગુણોદયસાગરજી મ.સા.ની નિશ્રામાં નવનિર્માણનું કાર્ય ફરીથી શરૂ થયું.

ઉપર મુજબની માહિતી મેં યાત્રિકોને આપી આ ભવ્યતીર્થનું અનેરું શિલ્પકામ ઉપર પણ દ્રષ્ટિપાત કરવા કહ્યું. પ્રક્ષાલનો ટાઈમ તો પતી ગયો હતો પણ પુજા કરવા માટે...)

વધુ આવતા અંકે...

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : અશોક દામજી ડાઘા-વરાડિયા(કોઈમ્બતૂર) વેધા ટેક્ષટાઈલ

U M KHONA AND COMPANY

CLEARING | FORWARDING | LOGISTICS

AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS

# COMMITMENT TO EXCELLENCE



OUR PRESENCE AT:

- MUMBAI
- JNPT
- HAZIRA
- KOLKATA
- HALDIA
- CHENNAI
- KANDLA
- MUNDRA
- PIPAVAV

jayant.lapsia@gmail.com

Tel.: 6155 9901

**U M KHONA AND COMPANY**
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.

Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955

**www.umkhona.com**

**CB: 11/189**

# સુપ્રસિદ્ધ ગુજરાતી મેગેઝીન ચિત્રલેખામાં પ્રકાશિત
# પ્રકાશ સમીક્ષાના તંત્રી શ્રી હીરાચંદ દંડની કેતન મિસ્ત્રીએ લીધેલી મુલાકાત

તડકી–છાંયડી

# જીવ્યા કરતાં ભણ્યું ભલું

જરા કલ્પના કરોઃ આયુષ્યના સાત–સાત દાયકા વટાવી દેનારા એક સફળ આન્ત્રપ્રેન્યૉર કશુંક નવું શીખવા–સમજવા 'લંડન બિઝનેસ સ્કૂલ'માં જાય. એક વર્ષ માટે ધંધાપાણી બાજુએ રાખી ફુલ ટાઇમ ભણવાનું. કેવો છે આ અનુભવ?

કેતન મિસ્ત્રી (મુંબઈ)

મિઝોરમમાં વસતા લાલરિંગથારાની વય છે ૭૮ વર્ષ. થોડા સમય પહેલાં ઈશાન ભારતના આ દાદાજી દેશભરના સમાચારની હેડલાઈન્સ બન્યા. કારણ? લાલરિંગથારાએ નવમા ધોરણમાં ઍડ્મિશન લીધું. પોતાના ગામથી ત્રણ કિલોમીટર દૂર મિઝોરમ–મ્યાનમારની સરહદ પર આવેલી સ્કૂલે એ ચાલીને જાય છે અને એટલું જ અંતર કાપી પરત ઘરે આવે છે.

બચપનમાં પિતા ગુમાવી દેનારા લાલરિંગથારાએ માતાને ખેતરમાં મદદ કરવા ભણતર છોડવું પડ્યું હતું. દારુણ ગરીબી અને સંઘર્ષ વચ્ચે અનુકૂળ સંજોગ સર્જાય ત્યારે એ ભણવા જતા, પણ બ્રેક બહુ આવ્યા. ગયા વર્ષે આઠમું ધોરણ પાસ કરી એ *નૅશનલ પ્રાઈમરી એજ્યુકેશન મિશન* હેઠળ ચાલતી શાળામાં ઍડ્મિશન લેવા ગયા ત્યારે સ્કૂલે ન માત્ર એમને ઍડ્મિશન આપ્યું, બલકે યુનિફૉર્મ અને પાઠ્યપુસ્તકો પણ આપ્યાં. લાલરિંગથારા કહે છેઃ 'મારે અંગ્રેજી શીખવું છે, ઈંગ્લિશમાં અરજી લખવી છે અને ટીવી પર ઈંગ્લિશ સમાચાર જોવા છે.'

મિઝોરમથી હવે આવીએ મુંબઈ. એમનું નામઃ હીરાચંદ દંડ. વયઃ ૭૧ વર્ષ. આ વર્ષના આરંભમાં હીરાચંદભાઈએ *લંડન બિઝનેસ સ્કૂલના સોલાન ફેલોઝ પ્રોગ્રામ*માં ઍડ્મિશન લીધું, જે કંપની વહીવટ અને નેતૃત્વ (મૅનેજમેન્ટ ઍન્ડ લીડરશિપ) વિશે ભણાવતો એક વર્ષનો પ્રોગ્રામ છે. દુનિયાની આ પહેલવહેલી મિડ કરિયર અને સિનિયર માસ્ટર્સ ડિગ્રી છે. જગવિખ્યાત ઑટોમોબાઈલ કંપની *જનરલ મોટર્સ*ના સીઈઓ આલ્ફ્રેડ પી. સોલાનની સ્મૃતિમાં આ પ્રોગ્રામ શરૂ કરવામાં આવેલો.

ઉંમરના ૭૧મા વર્ષે આવો એક વિશિષ્ટ કોર્સ કરવા પાછળનો આશય જણાવતાં હીરાચંદભાઈ કહે છેઃ 'છેલ્લાં ચારેક વર્ષથી એક વિચાર મનમાં ઘુમરાયા કરતો કે હવે જાતને રિ–સ્કેલ કરવી છે. રિ–લર્નિંગ થાય, નવા આઈડિયા મળે. ટોચની કંપનીના વડાનાં લેક્ચર્સ સાંભળીએ તો એમના મગજમાં શું ચાલે એ જાણવા મળે.'

એ ઉમેરે છે કે હું *સીએ*, *એલએલબી* થયો ત્યારથી આજ સુધી મેં ક્યારેય નોકરી કરી નથી એટલે મોટાં ઑર્ગેનાઈઝેશનમાં, કંપનીમાં કામકાજ કેવી રીતે ચાલે છે એ વિશે મને કંઈ ખબર નહોતી. એ મને અહીં સમજવા મળે છે.

એમ તો થોડા સમય પહેલાં એમણે ભારતમાં ભણવાની ટ્રાય કરેલી. એક જાણીતી બિઝનેસ સ્કૂલમાં શનિ–રવિના ક્લાસીસ કરવા માંડેલા, પણ કામકાજમાંથી અભ્યાસનો સમય ન મળે, ક્લાસ ચાલતા હોય ત્યારે ફોન–મેસેજ આવે. છેવટે અધવચ્ચેથી ઊઠી જવું પડ્યું. ફી પણ ગઈ. તે વખતે એમને થયું કે આના કરતાં તો દેશબહાર જતાં રહેવું સારું. ત્યાં માત્ર ભણવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકાય.

મુંબઈના મહાદાનવીર નરશી નાથા, ભારતમાં બૅન્કિંગનો પાયો નાખનારા કેશવજી નાયક, કૉટનકિંગ તથા પીઢ રાજકારણી ભવાનજી અરજણ ખીમજી જેવી પ્રતિભા આપનારા કચ્છી દશા ઓશવાળ સમાજમાંથી આવતા હીરાચંદ દામજી દંડનું મૂળ વતન કચ્છના માથેરાન તરીકે પ્રખ્યાત, અબડાસા તાલુકાનું મંજર રેલડિયા ગામ. ૧૪ સપ્ટેમ્બર, ૧૯૫૨ના એમનો જન્મ મુંબઈમાં. બાળપણ, ઉછેર, ભણતર બધું મુંબઈમાં. શાળાશિક્ષણ બાદ મુંબઈની *સિદ્ધાર્થ કૉલેજ*માંથી *સીએ* અને *લૉ* સાથે કર્યાં.



એ કહે છેઃ '૧૯૭૬માં આર્ટિકલશિપ બાદ મેં *સીએ* ક્લિયર કર્યું છેક ૧૯૮૬માં, કેમ કે ઘરની સ્થિતિ સારી નહોતી એટલે મારે કમાવા તરફ ધ્યાન આપવાનું હતું. એ પછી, ૧૯૮૬માં સમાચાર આવ્યા કે જૂના અભ્યાસક્રમ મુજબ *સીએ* પાસ કરવાનું આ છેલ્લું વર્ષ છે. ત્યારે મારી પત્ની મૃદુલાએ રીતસરનો ધક્કો મારીને પરીક્ષા અપાવી. આ માટે એણે પોતાની સોલિસિટરની પરીક્ષામાંથી બ્રેક લીધો. હું પાસ થઈ ગયો, પણ એ પરીક્ષા આપી ન શકી. આનો મને વસવસો છે.'

હીરાચંદભાઈનો નાતો મનોરંજનજગત સાથે. એ કૉલેજમાં હતા ત્યારે *મુંબઈ યુનિવર્સિટી* દ્વારા ચાલતી *ફિલ્મ સોસાયટી*ના બે વર્ષ વાઈસ ચૅરમૅન રહ્યા. એ ક્રમે આર્ટ હાઉસમાં પિક્ચરો જોવા મળતાં. એમાંથી શોખ જાગ્યો. પછી તો એક મ્યુઝિક ક્લબ ત્રણેક વર્ષ ચલાવી.

ભણતર બાદ એમણે ગુજરાતી ફિલ્મના વિડિયો રાઈટ્સ લેતી મધુ *વિડિયોટેક* કંપની શરૂ કરી. એ પછી ઓવરસીઝ ડિસ્ટ્રિબ્યુશનમાં શિફ્ટ થયા,

હીરાચંદ દંડઃ **બિઝનેસ વધારવા કે વધુ કમાણી માટે નહીં, જાતને અપડેટ કરવા ભણું છું.**

OO

કૉપીરાઈટનો ધંધો ડેવલપ થયો. હિંદી ટીવીસિરિયલ્સ લેતા ગયા, જેમ કે એ સમયની કેટલીક યાદગાર સિરિયલો *ફૌજી*, *માલગુડી ડેઝ*, *ખાનદાન*, *હમ લોગ*ના એમની પાસે રાઈટ્સ છે. દેશની પહેલી ટીવીસિરિયલ *હમ લોગ*ના હક્ક એમની પાસે હતા, પણ ડિજિટલ રાઈટ્સ નહોતા આથી એ ઓટીટી પર ન આપી શકે. તાજેતરમાં એ પણ મેળવી લીધા. ૧૯૮૦ના દાયકામાં દેશઆખાને ઘેલું લગાડનારી આ સિરિયલની રિમેક વિશે એમની એક મોટા પ્રોડક્શન હાઉસ સાથે મીટિંગ થઈ. જો બધું સમુંસૂતરું પાર પડે તો ૪૫-૫૦ મિનિટનો એક એવા ૧૦-૧૨ એપિસોડ્સની વેબ-સિરીઝ *હમ લોગ* જોવા મળી શકે.

હવે *લંડન બિઝનેસ સ્કૂલ*માં જઈએ ને એમના કોર્સ વિશે જાણીએ તો, અમેરિકાની *સ્ટેન્ફર્ડ યુનિવર્સિટી*માં ૧૯૩૦માં આ પ્રોગ્રામ શરૂ થયેલો, કેમ કે આલ્ફ્રેડ સોલાન એમાં ભણેલા. ૧૯૬૮માં *લંડન બિઝનેસ સ્કૂલ*માં આ કોર્સ શરૂ થયો. હાલ બોસ્ટનસ્થિત *એમઆઈટી*માં પણ આ પ્રોગ્રામ ચાલે છે. એક વર્ષનો આ ફુલ ટાઈમ કોર્સ છે. અહીં ઍડ્મિશનના આકરા નિયમ છે. પોતાના



**ગુરુના લેક્ચર બાદ ચેલાઓનો વિચારવિમર્શ: અહીં ગ્રુપ ઍક્ટિવિટી, નેટવર્કિંગને ઘણું મહત્ત્વ આપવામાં આવે છે.**

વ્યાપાર ક્ષેત્રમાં જેમને ૧૫-૧૭ વર્ષનો અનુભવ હોય એમને જ પ્રવેશ મળે છે. ઍપ્લાય કરનારાને એક સવાલ એ પૂછવામાં આવે છે કે *અહીંથી શું લઈ જશો? અને શું આપીને જશો? પૈસા (ફી) તો બધા આપશે, પણ એ સિવાય? અર્થાત્ તમારાં જ્ઞાન-અનુભવમાંથી બીજા વિદ્યાર્થી કંઈ પામે ખરા?*

હીરાચંદભાઈ કહે છેઃ 'મેં ઍપ્લાય કરેલું ૨૦૨૧માં. ૨૦૨૧ના ડિસેમ્બરમાં પત્ર આવ્યો કે *ઍડ્મિશન આપીએ છીએ, ૨૦૨૨ના જાન્યુઆરીથી જોડાઈ જાઓ.* મેં રિક્વેસ્ટ કરી કે બહુ શૉર્ટ નોટિસ છે-એક મહિનામાં એક વરસ માટે સંકેલો કરીને હું કેવી રીતે આવી શકું?'

પોતાની કંપની, કામકાજના પથારા ઉપરાંત હીરાચંદભાઈ *અરિહંત બૅન્ક*ના ચૅરમૅન હતા. આ ઉપરાંત, જ્ઞાતિના સામયિક *ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા*ના તંત્રી છે તથા બીજી અનેક સંસ્થા સાથે સંકળાયેલા છે.

એ કહે છે કે યુનિવર્સિટીવાળા માન્યા ન હોત તો મારી તો તૈયારી હતી જવાની. જો કે એમણે વિનંતી સ્વીકારી ૨૦૨૩ના જાન્યુઆરીથી ઍડ્મિશન કરી આપ્યું. હવે આ ડિસેમ્બરમાં કોર્સ પૂરો થશે.

આ પ્રોગ્રામ વિશે હીરાચંદભાઈ કહે છેઃ 'જે લોકો પોતાની કારકિર્દીના મધ્યમાં પહોંચ્યા છે એમને પર્સનલી કે બિઝનેસમાં નવું શીખવું છે, નવું જાણવું છે, નવું કરવું છે એમના માટે આ કોર્સ છે. અહીં દુનિયાની ટોચની કંપનીઓમાં વહીવટ કેવી રીતે ચાલે છે ત્યાંથી લઈને નેતૃત્વના ગુણ, મહાન પુરુષો-બિઝનેસ માંધાતાનાં જીવનચરિત્રો, નેટવર્કિંગ, વગેરે ભણાવવામાં આવે છે. આ ઉપરાંત, ડિજિટલ સ્ટ્રેટેજી, નેગોશિયેશન્સ અને બારગેઈનિંગ, નવાં વેપાર સાહસ, વગેરે શીખવવામાં આવે છે. પ્રોફેસરો અહીં નેટવર્કિંગ પર બહુ ભાર આપે છે.'

હીરાચંદભાઈના ક્લાસમાં ૨૬ દેશના પંચાવન વિદ્યાર્થી છે, જેમની સરેરાશ વય ૩૮થી ૪૦-૪૫ છે. એક છોકરી તો ૨૩ વર્ષની જ છે. વયમાં સૌથી મોટા હીરાચંદ ભાઈ જ છે. મોટા ભાગના એવા છે, જેમને કરિયર ચેન્જ કરવી છે, જેમ કે ઈન્ડિયન આર્મીમાંથી નિવૃત્તિ લઈને હૈદરાબાદથી આવેલા બે સ્ટુડન્ટ. એમને કારકિર્દી બદલવી છે. આ ડિસેમ્બરના અંતમાં પરીક્ષા લેવામાં આવશે, જેમાં ઉત્તીર્ણ થનારાને *સોલાન ફેલોઝ*ની ઓળખ મળશે. *નોબેલ* પારિતોષિકથી સમ્માનિત તથા *યુનો*ના પૂર્વ સેક્રેટરી-જનરલ કોફી અન્નાનથી લઈને વિમાન બનાવતી અમેરિકન કંપની *બોઈંગ*ના ચૅરમૅન ફ્રાન્ક શ્રોન્ત્ઝ સોલાન ફેલો હતા.

*કેવો રહ્યો આ આખો પ્રવાસ?*

જવાબ આપતાં એ કહે છેઃ 'શરૂઆતમાં બહુ આકરું લાગતું હતું. ખાસ તો ભાષા. સાચું કહું તો મેં કોઈને જણાવ્યું જ નહોતું કે હું ભણવા જાઉં છું. કદાચ પાછું આવી જવું પડે તો? પણ આઠ મહિના ક્યાં વીતી ગયા ખબર ન પડી. પત્ની સપોર્ટિવ છે. અમે યુનિવર્સિટીની નજીક ફ્લૅટ ભાડે રાખ્યો, પાંચ મિનિટમાં ક્લાસમાં પહોંચી જાઉં. એ ઈન્ડિયન કરિયાણું-શાકભાજી ખરીદીને રસોઈ બનાવી રાખે, બીજી જરૂરતોનું ધ્યાન રાખે. રિસેસમાં ઘરે જમવા જાઉં, ક્યારેક મારા સહપાઠીઓ, પ્રોફેસરોને ઘરે જમવા બોલાવીએ...'

વધુ ઉમેરતાં એ કહે છેઃ 'દરરોજ સરેરાશ આઠ કલાક ભણવાનું. એક લેક્ચર પોણા ત્રણ-ત્રણ કલાકનું. લેક્ચર બાદ ક્લાસમાં ગ્રુપ ડિસ્કશન થાય, ગ્રુપ એસાઈન્મેન્ટ મળે, જેમ કે અમને એસાઈન્મેન્ટ મળેલું, જેમાં અમારે લંડનના કોઈ નાના વેપાર સાહસિકનો ઈન્ટરવ્યૂ લેવાનો હતો. અમે ત્રણ જણનું ગ્રુપ બનાવી લંડનમાં ખળખળ વહેતી રિજેન્ટ કૅનાલમાં તરતી બુક શૉપ શરૂ કરનારા આન્ત્રપ્રેન્યોરનો ઈન્ટરવ્યૂ લીધો. અહીં તમે બોટમાં બેસીને ચાહો એટલો સમય પુસ્તક વાંચી શકો. આ ઘણો સારો અનુભવ રહ્યો. વચ્ચે અમને કેલિફોર્નિયા લઈ ગયેલા. ત્યાં સિલિકોન વૅલીના આન્ત્રપ્રેન્યોરને મળવાનો, એમની સ્ટાર્ટ-અપ કંપની વિશે સમજવાનો, એમની સાથે ચર્ચા કરવાનો અનુભવ ઘણો સારો રહ્યો.'

હીરાચંદભાઈનો પુત્ર પ્રતીક સિલિકોન વૅલીમાં એક મોટી કંપનીના મોટા પદ પર છે. એને પિતાના એન્ટરટેઈન્મેન્ટ બિઝનેસમાં રસ નથી. એમનાં બહેન ચંદ્રિકા લોડાયાએ ગુજરાતી તથા અર્ધમાગધી સાથે એમ.એ. કર્યું છે ને એ લેખનકાર્યમાં વ્યસ્ત છે. હિટલરના કૉન્સન્ટ્રેશન કૅમ્પ પોલિશ ભાષામાં લખાયેલા પુસ્તક *બટ આઈ સર્વાઈવ્ડ*નો એમણે *મૃત્યુથી બે ડગલાંનું છેટું* શીર્ષક હેઠળ ગુજરાતીમાં અનુવાદ કર્યો છે.

અંતે સમાપન કરતાં એ કહે છેઃ 'ઘણાને નવાઈ લાગે છે, જીવનના આ પડાવ પર આવીને વધુ ભણવાનો શું ફાયદો? બિઝનેસ તો સેટ છે, પરંતુ આ ભણતર બિઝનેસ માટે નહીં, પણ મારા માટે છે. બધી વાતને નફા-નુકસાનના દૃષ્ટિકોણથી ન જોવાય. મારે મારી જાતને અપડેટ કરવી છે... આઠ મહિનાના આ સુખદ પ્રવાસમાં કેટલા બધા લોકોને મળવાનું થયું, એમના વિશે જાણવા મળ્યું. ખાસ તો, ૪૦ વર્ષ બાદ ફરીથી ભણવાની મજા આવી. બૅકપૅક લટકાવીને ફ્રેન્ડ્સ સાથે ગમ્મત સાથે જ્ઞાન પામવાનો આ મારા જીવનનો એક અનેરો અનુભવ છે.' □



**(ચિત્રલેખામાંથી સાભાર)**

## શબ્દ કોયડો

# ધર્મસંદેશ - તા. ૨૦-૧૦-૨૦૨૩


રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)

મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨






**આડી ચાવીઓ :**

૧) મહાવીર સ્વામીની બન્ને....ને મળી ને ૪૮ સ્વપ્નો આવ્યા હતા (૨)
૩) શાલીભદ્ર અને ધન્નાજીનો ....નો સંબંધ હતો (૫)
૫) કુમારપાળ રાજાને શું ખાવાની કુટેવ હતી (૨)
૮) ચક્રવર્તીના ચૌદ રત્નોમાંનું એક (૪)
૧૧) આદીનાથના પિતા (૪)
૧૩) ઉપાધ્યાયની આરાધના આ ધાન્યથી થાય (૨)
૧૪) હાલતું ચાલતું તીર્થ (૨)
૧૬) પાટણમાં આવેલ ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૩)
૧૮) આવશ્યક કેટલા? (૧)
૧૯) પ્રભુની સ્તુતી કરવાથી ભવોભવના....નષ્ટ થાય છે (૨)
૨૦) સુવિધિનાથનું લાંછન (૩)
૨૨) વિમલ પાર્શ્વનાથનું તીર્થ (૨)
૨૩) પ્રભુનું નામ તથા તીર્થનું નામ એક જ છે (૩)
૨૫) પાલીતાણામાં આવેલ આ આકારનું જીનાલય (૨)
૨૬) પ્રભુની એક પૂજા (૩)
૨૯) શાલીભદ્રની રાણીઓ કેટલી? (૩)
૩૧) શત્રુંજય ઉપર આવેલ એક પોળ (૪)
૩૩) મહાવીર સ્વામીનો ત્રેવીસમો ભવ અહીં થયો હતો (૫)
૩૬) જિતારી એ સંભવનાથના ...... છે (૨)
૩૭) ધર્મની .... ઉપર ચાલવું બહુ કઠીન છે (૨)
૩૮) વનસ્પતિકાયના કેટલા પ્રકાર? (૧)

**ઊભી ચાવીઓ :**

૨) આ તીર્થનું બીજુ નામ મુશક વિહાર છે (૩)
૪) આ તીર્થંકરના બધા કલ્યાણકો ચિત્રા નક્ષત્રમાં થયા છે (૪)
૬) આ સોળ છે (૨)
૭) એક અભક્ષ્ય (૨)
૯) મુંબઈના આ પરામાં મુનિસુવ્રતનું જીનાલય છે (૨)
૧૦) ભગવાનની પૂજા કરતાં તેર ..... અપાય (૩)
૧૨) અહીંના જીનાલયમાં નેમીનાથની લગ્નની ચોરી બનાવવામાં આવી છે (૫)
૧૫) અહીં ચંદ્રપ્રભુનું બાવન જીનાલય છે (૩)
૧૭) કચ્છના આ ગામમાં મહાવીર સ્વામીનું જીનાલય છે (૩)
૨૧) નેમિનાથના સંસારી ભાઈ (૪)
૨૨) નીવી તપમાં આ પીવાય (૨)
૨૪) પારણામાં પીવાતું એક પ્રવાહી (૨)
૨૫) મણીભદ્રવીરનું ચમત્કારીક તીર્થ (૩)
૨૮) પર્યુષણમાં આનો વરઘોડો નીકળે (૨)
૩૦) આના વગરનું તપ મહત્ત્વનું નહીં (૩)
૩૧) પાર્શ્વનાથનો બીજો ભવ (૨)
૩૨) એક દિવસ માટે ઉપાશ્રયમાં સાધુ જેવું જીવન જીવવું (૨)
૩૪) .... મોરા ગજ થકી નીચે ઉતરો (૨)
૩૫) આજકાલ ...... દાન કરવાની પ્રથા વધી ગઈ છે.

**ધર્મસંદેશ - ૫.૧૦.૨૦૨૩ના જવાબો : આડી ચાવીઓ :** (૧) ગોળ (૨) દંડક (૩) તેર (૪) વિનીતા (૫) રજત (૭) મદીરા (૯) લલીતા (૧૦) નારકી (૧૧) અક્ષત (૧૪) મોક્ષમાળા (૧૫) ત્રણ (૧૬) રથનેમિ (૧૮) જાપ (૨૨) લાલા (૨૩) ઉના (૨૪) મુગટ (૨૫) તિર્થંકર (૨૮) રથ (૨૯) બે (૩૦) હરિષેણ. **ઊભી ચાવીઓ :** (૧) ગોયમ (૨) દંતાણી (૩) તેતલીપુત્ર (૪) વિરાર (૬) જલ (૮) દીનાનાથ (૧૧) અક્ષર (૧૨) ક્ષમા (૧૩) તળાજા (૧૬) રતિઅરતિ (૧૭) મિથિલા (૧૯) પટ (૨૦) મલ્લીનાથ (૨૧) બાજોટ (૨૪) મુહરિ (૨૬) કર (૨૭) રથ.

# શ્રી ક.દ.ઓ જૈન સહાયક સમિતિ ટ્રસ્ટ

સંચાલિત

## શ્રી રામજી માણેકજી નાગડા સેનેટોરીયમ
## શ્રી નાગશી જીવરાજ દેવાણી વિદ્યાર્થીગૃહ, જામનગર

# "સસ્નેહ નિમંત્રણ"

**જામનગર સ્થિત ઉપરોક્ત ટ્રસ્ટ ના મકાનનું નવનિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ નૂતન મકાનની સંપુર્ણ માહિતી, પ્લાન તથા ઝાંખી આપ સૌને દર્શાવવા માટે એક "સ્નેહમિલન" તેમજ "વિશ્વમાં વસ્તા સમગ્ર શ્રી ક.દ.ઓ. જ્ઞાતીનું નાત જમણ" નું આયોજન નીચે મુજબ કરવામાં આવેલ છે.**

## કાર્યક્રમ

**દશેરા અને મંગળવાર તારીખ ૨૪-૧૦-૨૦૨૩**

સવારે ૮.૦૦ થી ૯.૦૦ કલાકે — રજિસ્ટ્રેશન તેમજ નવકારશી

સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ કલાકે — દીપ પ્રાગટ્ય, નવકાર વંદનાવલી

સવારે ૧૦.૩૦ કલાક થી — વિવિધ યોજનાઓની રજુઆત અને ચડાવાઓ

બપોરે ૧૨.૦૦ થી ૨.૦૦ કલાકે — **સાધર્મિક ભક્તી**

**નાત જમણ પ્રસંગે સંપુર્ણ સાધર્મિક ભક્તિના લાભાર્થી**
**ડૉ. બીપીન પુષ્પાબેન પાસવીર વિરજી નાગડા**
**- ભિવંડી (મુલુંડ)**

**આ કાર્યક્રમના પોતાની આગવી શૈલીમાં સૂત્રધાર તરીકે આપણા લોકલાડીલા શાસનરત્ન શ્રી નરેન્દ્રભાઇ રામજી નંદૂ, શ્રી મેઘકુમાર નંદૂ, વાંઢ (ગજપુરી) પધારશે.**

**કાર્યક્રમ સ્થળ : શ્રી મેવાડ કેસરી ભવન**

લખી હાઉસ, ગુરૂદ્વારાની સામે,, એલ. બી. એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૭૮.

**સર્વે જ્ઞાતિજનો, વિદ્યાર્થીગૃહના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, કન્યાછાત્રાલયની ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓને આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં પધારી, હૃદયની ઉદારતા દર્શાવી તન-મન-ધનથી જામનગરમાં જ્ઞાતિના મુગુટ મણિ સમાન પ્રકલ્પના નવનિર્માણમાં આપનો સહયોગ આપશો એવી અભિલાષા.**

**લી. શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સહાયક સમિતી ટ્રસ્ટ વતી**
**સર્વે ટ્રસ્ટીશ્રીઓના જય જિનેન્દ્ર**


## ટ્રસ્ટીગણ

શ્રી વિજય મોતીલાલ લોડાયા (મોટીખાવડી) - પ્રમુખ ટ્રસ્ટી
શ્રી સુનીલ માણેકજી લોડાયા (મોટીખાવડી) - માનદમંત્રી ટ્રસ્ટી
શ્રી બિપીન પાશ્વીર નાગડા (રંગપુર) - સહમાનદમંત્રી ટ્રસ્ટી
શ્રીમતી કુસુમબેન સુર્યકાંત દેવાણી (નાની ખાવડી) - ટ્રસ્ટી
શ્રી અશોક મણીલાલ દંડ (ભરૂડીયા) - ટ્રસ્ટી
શ્રી મયુર મોતીલાલ લોડાયા (મોટી ખાવડી) - ટ્રસ્ટી
શ્રી મનોજ ભવાનજી ખોના (મોટી ખાવડી) - ટ્રસ્ટી
શ્રી પંકજ કેશવજી ધરમશી (રંગપુર) - ઉપપ્રમુખ ટ્રસ્ટી
શ્રી દિલીપ ડુંગરશી લાપસિયા (દલતુંગી) - ખજાનચી ટ્રસ્ટી
શ્રી જીવરાજ કિલાચંદ નાગડા (રંગપુર) - સહખજાનચી ટ્રસ્ટી
શ્રી સુરેશ રામજી નાગડા (રંગપુર) - ટ્રસ્ટી
શ્રી જીવરાજ ગોવિંદજી લોડાયા (મોટી ખાવડી) - ટ્રસ્ટી
શ્રી ભરત લક્ષ્મીચંદ દૌલત (ભરૂડીયા) - ટ્રસ્ટી


**વેલેટ પાર્કિંગની સુવિધા રાખેલ છે.**

એ પોઝીટીવ સ્ટોરી

# અન્યના આંસુ લુછવાનું અનેરૂં સુખ!

**C.A. કુલીનકાંત ચાંપશી લુઠીયા**- ટ્રસ્ટી, માનવ જ્યોત
મો.નં.- **98200 39469**



જેમની બાજુમાં ઊભા રહેવા ચીતરી ચડે, એવી અસહ્ય દુર્ગંધ મારતા, પગે ઘામાં કીડા પડેલા અને મળમુત્રથી ગંધાતા નિરાધાર, પીડીત અને પારાવાર પીડા ભોગવતા, રસ્તે રઝળતા, અહીં તહીં કચરાના ઢગલા પાસે કે ફુટપાથ પર પડ્યા પાથર્યા રહેતા, માનસિક અસ્વસ્થ, ભુખ્યા તરસ્યાને સ્વિકારી એમને સુરક્ષિત સ્થાને પહોંચાડતા, માનવસેવાના ખરા ભેખધારી શ્રી નિતીન દાવડાને જાણીએ.

આજ સુધી છેલ્લા ત્રણ વરસમાં ૧૩૦૦ જેટલા એવા દીનદુઃખીયાને આશ્રમે, હોસ્પિટલે અને સંસ્થાએ પહોંચાડી તેમની ક્ષુધાતૃપ્તિ કરી છે,આશ્રય સ્થાન અપાવ્યું છે, અને કહોને કે તેમને નવજીવન બક્ષ્યું છે, એવા શ્રી દાવડાને માનવતાના એ શ્રેષ્ઠ કાર્ય બદલ હાર્દિક અભિનંદન સાથે શત્ શત્ વંદન.

આ નિરાધારોને તેમની ખાસ એમ્બ્યુલન્સ દ્વારા મુંબઇ, મહારાષ્ટ્ર અને ગુજરાતના વિવિધ આશ્રય સ્થાને પહોંચાડી માનવતાનું એક નેક અને નક્કર કાર્ય શ્રી દાવડાએ આજ સુધી કર્યું છે. માનવતાપ્રેમી દાતાઓ તેમને એમ્બ્યુલન્સનું રૂા. ૧૦/ ૧૨/૧૫ હજારનું ભાડું આપી દે એટલે શ્રી દાવડા ગંતવ્ય સ્થાનના, આશ્રમના, હોસ્પિટલના સંપર્ક કરે. પોલીસ કાર્યવાહી કરે, જરૂર પડયે પોલીસને હાજર રહેવા કહે અને પછી એક સાથે ૪/૫ જેટલા એવા નિરધારોને એક સાથેના ખર્ચની મર્યાદામાં રહી એમ્બ્યુલન્સ દ્વારા સુરક્ષિત સ્થળે પહોંચાડી દે !

આવા કમનસીબોને એક શહેરથી બીજે લઇ જવા પોલીસ કાર્યવાહી પણ અચુક કરે છે. તેથી જ મુંબઇ પોલીસ અને ગુજરાત પોલીસને, તેમનો સાથ સદાય મળી રહે છે. તેઓ પણ દાવડાની આ સેવા પ્રવૃત્તિથી ખુશ છે. તારીફ કરે છે, અને અવાર નવાર તેમને સન્માનિત પણ કરે છે.

પરિવારમાં બે દિકરી અને પતિ પત્નીના નાનકડા કુટુંબમાં પણ શ્રી દાવડાને સંપુર્ણ સાથ-સહકાર મળી રહે છે, ત્યારે જ દિવસ રાત જોયા વિના તેઓ સતત કાર્યરત રહે છે. જાતે કાપડની મર્યાદિત દલાલીના ધંધાથી તેઓ ખુશ છે. જાજો સમય તો તેમના સેવા કાર્યમાં જ જાય છે.

પીડીતોને ખવડાવવા, પીવડાવવા, નવડાવવા, ધોવડાવવામાં અને સારા વસો પહેરાવી, દાઢી બાલ કટ કરાવી, તેમનું સ્વરૂપ બદલી સારી સ્થિતિમાં લાવી, ઘા પર પાટાપીંડી કરી, દવા અપાવી, નાનકડી સારવાર વ્યવસ્થા પણ પુરી કરે છે.

જીવદયાપ્રેમી દાવડા કુતરા-બીલાડાંને દરરોજ ખાવાનું આપવાનું એકેય દી' ચુકતાં નથી. ખર્ચ પુરતા પૈસા દાતા પાસેથી એકત્ર કરી આ નેક કામને સાકાર કરતાં, આ કદમાં નાના પણ મહાન ખર્ચ કામ કરનાર શ્રી દાવડાને એ લોકો ભગવાન માને છે. નીતીનભાઇ કહે તેમ તેઓ કરતા થાય એટલે તેમની સેવાનો પ્રારંભ અને પછી તેમનું સ્વરૂપ બદલી તેમના આશ્રય સ્થાને પહોંચાડે. અને પછી એજ નવો સીલસીલો ચાલુ ને ચાલુ.

માનવતાના મશાલચી, લાલબાગમાં રહેતા નીતીન દાવડાએ ફક્ત કચ્છી લોહાણા સમાજનું જ ગોરવ વધાર્યું છે તેવું નથી, સમસ્ત મુંબઇ-મહારાષ્ટ્રની શાન વધારી છે. ૯૦ % મહારાષ્ટ્રીયનનોને સ્વર્ગ સમું આશ્રય સ્થાન ખડું કરી, સમાજ સેવાની મશાલને ઝડહળતી રાખી છે. સતત જલતી રાખી છે. તમારા માટે અતિશય મુશ્કેલ અને પડકારજનક આ સેવાકાર્યમાં અથાગપણે સેવામાં ઝઝુમતા રહેતા શ્રી. નીતીનભાઈ દાવડાને ૫૦ની વયે ખર્ચાપાણી કાઢવા અહીં તહીં દાતાઓના દ્વારા ખટખટાવવા પડે છે. તેને બદલે અવારનવાર થોડો આર્થિક સહકાર આપી સન્માનિત કરતાં રૂપિયા દશ લાખનું ભંડોળ ઊભું કરી, તેમને ટુકડે ટુકડે સહાયક બનાવવા અને સંપુર્ણતઃ ઓડીટેડ પારદર્શક હિસાબો રાખી તેમને મદદરૂપ થવા માનવ જ્યોતે બીડું ઝડપ્યું છે. માનવતાના આ નેક કામમાં દિલાવર દાતાઓને દાન માટે નમ્ર અરજ છે.

**માનવ જ્યોત, નિત્યાનંદ એપાર્ટમેન્ટ,**
**ડો. આર.પી. રોડ, મુલુન્ડ (વેસ્ટ),**
**મુંબઇ- ૪૦૦૦૮૦.**
**મો.નં.- ૯૧૩૭૫૧૪૪૫૯.**
**માનવ જ્યોતમાં આપેલું દાન ૮૦-G માં કરમુક્ત છે.**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન**

જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

### શ્રી ક.દ.ઓ. મહિલા મંચ-અમદાવાદ નવી કમિટી

પ્રમુખ : સૌ. ગુણવંતીબેન ગુલાબભાઈ ધનજી દંડ (પરજાઉ), ઉપપ્રમુખ : શ્રીમતી માલાબેન પ્રફુલભાઈ શામજી ધરમશી (કોઠારા), મંત્રી : સૌ. મીરાબેન રાજેશ ખીમચંદ ધરમશી (જશાપર), સહમંત્રીઓ : સૌ. ભુમિકા ધર્મેશ દામજી છેડા (જશાપર) અને સૌ. દીપાબેન કેતન નરેન્દ્ર લોડાયા (બાંઢીયા), ખજાનચી : સૌ. સુશીલાબેન નિરંજન પુનમચંદ મૈશેરી (લાલા), સહખજાનચી : સૌ. નિહારિકાબેન સંજય શાંતિલાલ છેડા (જશાપર),

કારોબારી સભ્યોઃ કવિતાબેન કિર્તીભાઇ ભારમલ નાગડા (કુવાપધર), સૌ. કિન્નરીબેન ચંદ્રેશ વિરેન્દ્ર લોડાયા (બાંઢીયા), સૌ. કુંદનબેન વિશ્વાસ પ્રફુલ ધરમશી (કોઠારા), સૌ. રશ્મિબેન પ્રશાંત મહેન્દ્ર ખોના (આરીખાણા), સૌ. લક્ષ્મીબેન પ્રિતેશ ગુલાબચંદ દંડ (પરજાઉ), સૌ.શ્વેતાબેન હેમેન્દ્ર કાનજી ધરમશી (જખૌ), સૌ. નેહાબેન મનિષ પ્રફુલ ખોના (જખૌ), સૌ. અનિતાબેન ગિરિશ લક્ષ્મીચંદ દંડ (લાલા). સુશ્રી હેજલબેન જયંત મેઘજી ધરમશી (મંજલ), સૌ. હિરલબેન રોહિત ચિમન દંડ (તેરા), સૌ. પુજાબેન મિરાજ તિલક ભારાણી ખોના ( જખૌ), સૌ. કવિતાબેન જયેશ કિશોર લાલકા (લાલા).

### કોઠારા મહિલા મંડળ ભાયખલા ઝૂ ની મુલાકાતે

કોઠારા મહિલા મંડળ દ્વારા તાજેતરમાં મુંબઈના વિખ્યાત ઝૂ વીરમાતા જીજાબાઈ ભોસલે ઉદ્યાન અને પ્રાણી સંગ્રહાલયની મુલાકાત યોજાઈ હતી. ખાસ કરીને દક્ષિણ ધ્રુવીય કાગડા તરીકે જાણીતા પેંગ્વીન ઉપરાંત મગરને નિહાળ્યા હતા. એક દિવસીય પિકનીકનું આયોજન મહિલા મંડળના પ્રમુખ પુજાબેન અજાણીએ કર્યું હતું.

### રોલબોલ ટુર્નામેન્ટમાં વિધિ લોડાયાનું શાનદાર ખેલ

તાજેતરમાં ઈચલકરંજી ખાતે યોજાયેલી રાજ્યસ્તરીય રોલબોલ સ્પર્ધામાં સાંયરાના જલગામ નિવાસી ચિ. કુ. વિધિ ધર્મેશભાઈ ઝવેરચંદ લોડાયાએ શાનદાર ખેલનું પ્રદર્શન કરી મહિલા સંઘ જલગામ ટીમને પૂણે સામે રનરઅપ સ્થાન મેળવવામાં સહાયતા કરી હતી. આ ટુર્નામેન્ટમાં ૨૨ ટીમોએ ભાગ લીધો હતો.

### ભારતીબેનની ન્યૂમેસ્ટિકસ પ્રદર્શની

સિક્કા અને કરન્સી નોટ સંગ્રાહક ભારતીબેન ખુશાલ છેડાએ ગદગની કદઓ જૈન ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં પ્રદર્શની યોજી હતી. સિક્કા અને કરન્સી નોટના માધ્યમથી સંગ્રહનું મહત્ત્વ સમજાવ્યું હતું. આ અવસરે સ્કુલના પ્રમુખ ડૉ. પ્રદીપ ખોના ઉપસ્થિત રહ્યા હતા.

### પરબ શક્તિ સંજીવની સોસાયટી

શનિવાર, ૭ ઓક્ટોબર ૨૦૨૩, ના પરબ શક્તિ સંજીવની સોસાયટી-માટુંગામાં, શ્રી નારાણજી શામજી મહાજનવાડી ખાતે ફેશન, ફૂડ અને લાઈફસ્ટાઈલ ના શાનદાર ઉત્સવ 'આરૂણ્ય' ની દ્વિતીય આવૃત્તિ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શન કમ સેલનું ઉદ્‌ઘાટન, 'દબંગ-૩' ફિલ્મ દ્વારા ખ્યાતિ પામેલ, પ્રસિદ્ધ બોલીવુડ અભિનેત્રી સઈ માંજરેકરના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું.

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

જુની સાચી જરી ક્યાં વેચવાની....?
KDO સમાજની મુંઝવણ અને તેનો સાચો ઉકેલ...!

ગભરાઓ નહીં, આપણા વડીલોની જુની અને જાણીતી દુકાન, 'પાંજી દુકાન' મહાવી સારીઝ (સાંતાક્રુઝ-વેસ્ટ)

- જુની સાચી જરીની સાડી, ચણીયા ચોળી
- જુનાં સાચી જરીના ઘરચોળા-બોર્ડર
- સાચી જરીના સેલા, કાંજીવરમ તથા પૈઠણી
- સાચી જરીની બટકસબ તથા આરીવર્કની સાડી-ચણીયા-ચોળી
- સાચી જરીના દેરાસર તથા માતાજીના મંદીરનાં ચંદરવા-પોઠીયા
- છુટ્ટી સાચી જરીની ટીકી-સુરમો-કસબ તથા ઘુઘરી
- અમારી દુકાને વેંચવા લઈ આવો ને સંતોષકારક વળતર મેળવો.
- બીજે ક્યાંય જતાં પહેલા અવશ્ય અમારી દુકાનની મુલાકાત લો.
